**THE COLLEGE BOARD**

# SAT® Test Directions Translated into GUJARATI for Students

## Spring 2018 Testing Window Only

**Notes to the Supervisor:** This document should be printed and distributed once students are seated.

Students may use this document to read translations of the directions that are read aloud or printed in their test book.

Students may keep this document open and on their desk during the entire testing period.

Students may **not** be given additional time, unless approved by College Board as a separate accommodation.

Collect this document from each student at the end of testing and destroy it.

© 2018 The College Board. College Board and SAT are registered trademarks of the College Board. Unauthorized copying or reuse of any part of this document is illegal.

# વિષય-સૂચી


વિદ્યાર્થી માટેની નોંધ ........ 3

1 માનક SAT સ્ક્રિપ્ટ ........ 4

1.1 ટેસ્ટ શરૂ થાય તે પહેલા ........ 4

1.2 જવાબ પત્રકના વિતરણ દરમિયાન ........ 5

1.3 ટેસ્ટ બુક વિતરણ દરમિયાન ........ 7

1.3.1 ફ્રંટ કવરનાં દિશાનિર્દેશો ........ 10

1.3.2 પાછલા કવરનાં દિશાનિર્દેશો ........ 11

1.4 વિભાગ 1: વાંચન કસોટી ........ 12

1.4.1 વિરામ દરમિયાન ........ 13

1.4.2 વિભાગ 1 કસોટી પુસ્તિકાના નિર્દેશો ........ 13

1.4.3 પ્રમાણીકરણ વિધાન ........ 13

1.5 વિભાગ 2: લેખન અને ભાષા પરીક્ષા ........ 14

1.5.1 વિભાગ 2 કસોટી પુસ્તિકાના નિર્દેશો ........ 15

1.6 વિભાગ 3: ગણિતની કસોટી – કોઈ કેલ્ક્યુલેટર નહીં ........ 15

1.6.1 વિરામ દરમિયાન ........ 16

1.6.2 વિભાગ 3 કસોટી પુસ્તિકાના નિર્દેશો ........ 17

1.7 વિભાગ 4: ગણિતની કસોટી – કેલ્ક્યુલેટર ........ 19

1.7.1 વિભાગ 4 કસોટી પુસ્તિકાના નિર્દેશો ........ 20

1.7.2 વિરામ દરમિયાન ........ 22

1.8 વિભાગ 5: SAT નિબંધ ........ 22

1.8.1 જવાબ પત્રકનું સ્ટેટમેન્ટ ........ 23

1.8.2 વિભાગ 5 નિબંધ બુકના દિશાનિર્દેશો ........ 23

2 કસોટી પછી ........ 24

2.1 જવાબ પત્રકને પૂર્ણ કરવા દરમિયાન ........ 24

2.2 વિદ્યાર્થીની બરતરફી પહેલાં ........ 25

# વિદ્યાર્થી માટેની નોંધ

- નીચે આપેલ એ જે સુપરવાઇઝર મોટેથી વાંચશે તે દિશાનિર્દેશો તેમ જ તમારી ટેસ્ટ બુકમાંના લેખિત દિશાનિર્દેશોનો અનુવાદ છે. આ અનુવાદિત દિશાનિર્દેશો કદાચ તમારા સુપરવાઇઝર મોટેથી વાંચે છે તેનું શબ્દશઃ અનુવાદ નહીં હોય; તેમ છતાં, પ્રસ્તુત માહિતી સમાન છે. તમારા સુપરવાઇઝર દ્વારા જે વંચાઈ રહ્યું છે તેના વિશે જો કોઈ પ્રશ્ન હોય, તો કૃપા કરીને તમારો હાથ ઉંચો કરો.
- તમે સમગ્ર ટેસ્ટિંગ સમય દરમિયાન આ દસ્તાવેજને તમારા ડેસ્ક પર રાખી શકો છો, પરંતુ ટેસ્ટિંગ પછી સુપરવાઇઝરને તે પરત કરવો આવશ્યક છે.
- તમે સ્કેચ પેપર માટે આ દસ્તાવેજનો ઉપયોગ કરી શકશો નહીં.
- વિવિધ સમયે, તમારા સુપરવાઇઝર ઉચિત હોય ત્યારે વિભાગમાં બાકી રહેલ સમય, તેમ જ વિરામની ઘોષણા કરશે. જો તમે કોઈ મંજૂર સ્થાન વડે ટેસ્ટિંગ કરી રહ્યાં હોવ, તો આ ઘોષણાઓ આ અનુવાદિત દસ્તાવેજમાં સૂચીબદ્ધ સમય અને વિરામોથી અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા સુપરવાઇઝર દ્વારા ઘોષણાઓ ધ્યાનપૂર્વક વંચાવી જોઈએ.
- જો તમે કોઈ મંજૂર સ્થાન વડે ટેસ્ટિંગ કરી રહ્યાં હોવ, તો તમારા સુપરવાઇઝર તમને અંગ્રેજીમાં વધારાના દિશાનિર્દેશો આપી શકે છે.
- ચોક્કસ માહિતી પર ધ્યાન દોરવા માટે આ સમગ્ર દસ્તાવેજમાં આઇકૉન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે:

  મહત્વપૂર્ણ માહિતી

  તમારા સુપરવાઇઝર દ્વારા બોલાયેલ દિશાનિર્દેશો

  તમારી ટેસ્ટ પુસ્તિકામાં મળેલા દિશાનિર્દેશો

# 1 માનક SAT સ્ક્રિપ્ટ

## 1.1 ટેસ્ટ શરૂ થાય તે પહેલા

*તમારા સુપરવાઇઝર આ કહીને શરૂ કરશે:*

🔈 સુપ્રભાત. આજે તમે એક SAT લેવા જઈ રહ્યાં છો. તમે કોલેજ અને કારકિર્દી માટે કેટલા તૈયાર છો તે બતાવવાની આ તમારા માટેની એક તક છે.

જો મેં આપેલ સૂચનાઓમાંથી કોઈપણ વિશે તમને કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને પૂછો જેથી કરીને તમે તમારું શ્રેષ્ઠ કરી રહ્યાં છો તેની ખાતરી કરી શકો. જો તમે પ્રિન્ટ કરેલ અનુવાદિત દિશાનિર્દેશોનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો હું સૂચાનાઓ આપું છું તે સાથે અનુસરવા માટે હવે બુકલેટ ખોલો.

આ રૂમમાં, તમે ટેસ્ટ લઈ રહ્યાં હશો જે મેં બોર્ડ પર પોસ્ટ કરી છે.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

🔈 College Board ના નિયમો છે જેની રચના તમને દરેકને તમારી ક્ષમતાઓ બતાવવાની સમાન તક આપવા માટે કરવામાં આવી છે. જે કોઈપણ આના દ્વારા અનુચિત લાભ મેળવવાનો પ્રયાસ કરશે તેને અમે કાઢી નાખીશું અને College Board તેના સ્કોર્સને અમાન્ય ઠરાવશે:

- ટેસ્ટ પર કોઈપણ પ્રકારની મદદ લેવી અથવા આપવી
- ટેસ્ટની શરૂઆત પહેલા ટેસ્ટ બુકમાં જોવું
- ખોટા વિભાગ પર કાર્ય કરવું અથવા ટેક્સ્ટ બુક અથવા જવાબ પત્રકના અગાઉના અથવા ભાવિ વિભાગને જોવું
- નોન-કેલ્ક્યુલેટર વિભાગ દરમિયાન કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવો
- સમય પૂરો થવા પર જવાબો ચિહ્નિત કરવા
- ટેસ્ટ દરમિયાન અથવા તે પછી ટેસ્ટ પ્રશ્નો અથવા જવાબો કોઈની પણ સાથે શેર કરવા
- ટેસ્ટિંગ દરમિયાન અથવા વિરામમાં ફોન સહિત કોઈપણ અનાધિકૃત ટેસ્ટિંગ સહાયક સાધનોનો ઉપયોગ કરવો
- અન્ય કોઈ વ્યક્તિ માટે ટેસ્ટ લેવાનો પ્રયાસ કરવાનો

તમને આ માટે પણ કાઢી નાખવામાં આવી શકે છે:

- ટેસ્ટિંગ દરમિયાન ખાવું અથવા પીવું (સિવાય કે એક સુવિધા તરીકે આની મંજૂરી આપવામાં આવી હોય—અન્યથા, ફક્ત વિરામ દરમિયામ જ ખાવા અને પીવાની અનુમતિ છે)
- અન્ય વિદ્યાર્થીઓને વિચલિત કરવા અથવા કોઈપણ પ્રકારે વિક્ષેપ પાડવાને કારણે
- વિરામ દરમિયાન તમારા લૉકર પર જવું અથવા બિલ્ડિંગ છોડવી

તમારી પાસે ટેસ્ટ દિવસની ફરિયાદ નોંધાવવા માટે ટેસ્ટની સમાપ્તિથી અઠવાડિયાના 4થા દિવસથી રાતના 11:59 ઇસ્ટર્ન સમય સુધીનો સમય હશે. જો તમને કોઈપણ વર્તન ચિંતાની બાબત હોય એવું દેખાય, તો કૃપા કરીને ટેસ્ટ સુપરવાઇઝરને સૂચિત કરો જે તમને College Board નો સંપર્ક કેવી રીતે કરવો તે સમજાવશે. શું કોઈ પ્રશ્નો છે?

*જો તમારી શાળા વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત માલસામાનને એકત્રિત કરે છે, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ સમયથી તમારે તમામ ફોન અથવા કોઈપણ અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો બંધ કરવા જોઈએ. જો કોઈની પાસે હજી પણ કોઈપણ પ્રકારનું ઇલેક્ટ્રોનિક ઉપકરણ હોય, તો કૃપા કરીને એલાર્મ અક્ષમ કરો, તેને બંધ કરો અને હમણાં મને પરત કરો તથા તે તમને ટેસ્ટના અંતે પરત કરવામાં આવશે.

*જો તમારી શાળા વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત માલસામાનને એકત્રિત કરતી નથી, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ સમયે, જો તમારી પાસે ફોન અથવા અન્ય કોઈપણ ઇલેક્ટ્રોનિક ઉપકરણ તમારા કબજામાં હોય, તો તમારે તેના એલાર્મ અક્ષમ કરવા, પૂર્ણપણે તેને બંધ કરવા અને ટેસ્ટ પૂર્ણ થાય ત્યાં સુધી તેને દૂર રાખવા આવશ્યક છે. કોઈપણ ઇલેક્ટ્રોનિક ઉપકરણ કે જે બંધ નથી અને દૂર મૂકાયું નથી તે એકત્રિત કરવામાં આવી શકે છે અને તેની સામગ્રીને પૂર્ણ તપાસનાં એક ભાગ તરીકે તપાસવામાં આવી શકે છે.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- 🔈 હવે અમે ટેસ્ટ શરૂ કરવાની તૈયારી કરીએ છીએ.
  - તમારી પેન્સિલ અને સ્વીકાર યોગ્ય કેલ્ક્યુલેટર સિવાય તમારી ડેસ્ક પરથી દરેક વસ્તુ દૂર કરો.
  - જો તમે બેકઅપ કેલ્ક્યુલેટર અથવા બેટરી લાવ્યાં હોવ, તો તેમને તમારા ડેસ્કની નીચે ફ્લોર પર રાખો.
  - કોઈપણ પાણીની બોટલ અથવા નાસ્તો તમારી ડેસ્કની નીચે રાખો. તમામ બૅગ્સ બંધ કરો અને તેમને ટેસ્ટ પૂરો થઈ જ્યા ત્યાં સુધી તમારા ડેસ્કની નીચે રાખો.

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 હવે હું થોડો સમય લઈશ, આસપાસ જોવા અને ખાતરી કરવા કે તમે માન્ય કેલ્ક્યુલેટરનો જ ઉપયોગ કરી રહ્યાં છો.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- 🔈 તમે કોઈપણ સમયે કેલ્ક્યુલેટરોની આપ-લે અથવા અદલાબદલી કરશો નહીં. હવે તમારું કેલ્ક્યુલેટર તમારી ડેસ્કની નીચે રાખો. તમને પછીના વિભાગ સુધી તેની જરૂર પડશે નહીં.

## 1.2 જવાબ પત્રકના વિતરણ દરમિયાન

*જવાબ પત્રકો વિતરીત કર્યા પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ જવાબ પત્રક છે જેનો તમે ટેસ્ટ પરના તમારા જવાબોને ચિહ્નિત કરવા માટે ઉપયોગ કરશો. કૃપા કરીને તપાસો અને ખાતરી કરો કે જવાબ પત્રક પર તમારું સાચુ કાનૂની નામ દેખાય છે. જો તમારી પાસે ખોટુ જવાબ પત્રક હોય તો તમારો હાથ ઉંચો કરો.

*જો દરેકે આવશ્યક ફીલ્ડ્સ પૂર્ણ કરી લીધા હોય, તો તમારા સુપરવાઇઝર "ટેસ્ટ બુક વિતરણ દરમિયાન" પર આગળ વધશે. જો તમને અથવા અન્ય વિદ્યાર્થીઓને જવાબ પત્રક પરની જરૂરી ફીલ્ડ્સ ભરવાની જરૂર હોય તો, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 હવે તમારું પૂરુ કાનૂની નામ બૉક્સ 1 માં ભરો. જો તમારા જવાબ પત્રકમાં લેબલ હોય, તો કૃપા કરીને તપાસો કે તમારું લેબલ તમારું સાચુ કાનૂની નામ બતાવે છે. જો તમને કોઈ ભૂલો દેખાય, તો તમારો હાથ ઉંચો કરો અને હું તમને બદલીને એક જવાબ પત્રક આપીશ.

*બૉક્સેસ 2 અને 3 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- બૉક્સ 2 શોધો. જો તમે આ શાળામાં હાજરી આપતા નથી તો તમારો હાથ ઉંચો કરો અને હું તમારી પાસે આવીને આ પ્રશ્નનો જવાબ આપવામાં તમારી મદદ કરીશ. બાકી દરેકજણ, "હા" માટેનાં બબલને ભરો અને તે પછી આપણી શાળાનું નામ, શહેર અને રાજ્ય લખો. તમે દેશની લાઇન ખાલી છોડી શકો છો. જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે જુઓ.

  બૉક્સ 3 માં, આપણો 6-અંકનો સ્કૂલ કોડ __________ લખો અને સંબંધિત બબલ્સ ભરો. જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે જુઓ.

*જો તમે હોમસ્કૂલના હોવ, તો તમારા સુપરવાઇઝર તમને "ના, હું હોમસ્કૂલથી છું" માટેનું બબલ ભરવા અને બૉક્સ 3 માં "970000" દાખલ કરવાનું કહેશે.*

*બૉક્સ 4 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- બૉક્સ 4, "વૈકલ્પિક કોડ" માં ચિહ્ન કરશો નહીં.

*બૉક્સ 5 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારી જન્મ તારીખનાં તમામ 3 ભાગ ભરો. કોઈપણ 2-અંકના ફીલ્ડ 0 થી શરૂ કરવાની જરૂર હશે જો નંબર 10 કરતા ઓછો હોય. તમારા જન્મ વર્ષનાં પ્રથમ 2 અંક માટેના બબલ ખાતરીપૂર્વક સામેલ કરો. જો તમને કોઈ પ્રશ્નો હોય તો તમારો હાથ ઉંચો કરો.

*બૉક્સેસ 6–10 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- પૃષ્ઠ 2 પર જાઓ અને બૉક્સ 6 થી 9 સુધીમાં તમારું સરનામું ભરો. બૉક્સ 10 ને ખાલી છોડો. જો તમને કોઈ પ્રશ્નો હોય તો તમારો હાથ ઉંચો કરો. જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે જુઓ.

*બૉક્સ 12 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- પૃષ્ઠ 2 પર જાઓ (અથવા મોટા-બ્લૉકના જવાબ પત્રક પર પૃષ્ઠ 5 પર). બૉક્સ 12 માં તમારી વર્તમાન ગ્રેડ માટેના બબલને ભરો.

*બૉક્સ 15 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- પૃષ્ઠ 3 પર બૉક્સ 15 જુઓ (અથવા મોટા-બ્લૉકના જવાબ પત્રક પર પૃષ્ઠ 6). બૉક્સ 15 માં યોગ્ય બબલને ચિહ્નિત કરો.

*બૉક્સ 23 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- હવે બૉક્સ 23 પર જાઓ. બૉક્સ 23 માં "વિદ્યાર્થીનો ID નંબર" લેબલ વાળા બબલને ભરો અને તે પછી ડાબી બાજુનાં પ્રથમ કૉલમથી શરૂ કરીને તમારો રાજ્ય નિર્દિષ્ટ વિદ્યાર્થી ID નંબર લખો અને બબલમાં ભરો. તમે તમારો વિદ્યાર્થી ID નંબર લેબલનાં ઉપરનાં ડાબા ખૂણામાં મેળવી શકો છો. જો તમારા ID નંબરમાં અક્ષરો હોય, તો તેમને છોડી દો અને ફક્ત સંખ્યાઓ દાખલ કરો. જો તમે તમારો વિદ્યાર્થી ID નંબર જાણતા નથી તો તમારો હાથ ઉંચો કરો. જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે જુઓ.

## 1.3 ટેસ્ટ બુક વિતરણ દરમિયાન

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

- હવે હું તમારી ટેસ્ટ બુક્સ વિતરીત કરીશ. જ્યાં સુધી હું કહું નહીં ત્યાં સુધી તેને ખોલશો નહીં.

*ફ્રંટ કવરનાં ભાષાંતર માટે આ વિભાગનાં અંતે "ફ્રંટ કવરના દિશાનિર્દેશો" જુઓ.*

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- મેં બોર્ડ પર સૂચિબદ્ધ કરેલ SAT ના સંસ્કરણ—SAT અથવા નિબંધ સાથે SAT માટેનાં જ બંને જવાબ પત્રક અને ટેસ્ટ બુક છે તે જોવા માટે તપાસો.

  જ્યારે તમે ટેસ્ટ બુક મેળવો, ત્યારે તેને ફેરવો અને પાછલા કવરને વાંચો. તેમાં સમય, જવાબો ચિહ્નિત કરવા અને સ્કોરિંગ વિશેની મહત્વપૂર્ણ માહિતી છે.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- તમે વાંચવાનું પૂર્ણ કરી લો તે પછી કૃપા કરીને અહીં જુઓ.

  તમે હમણાં જે વાંચ્યું તેના વિશે કોઈ પ્રશ્નો છે?

*તમામ પ્રશ્નોના જવાબ અપાયા પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારા ટેસ્ટનો સ્કોર કરવા માટે નીચેની સૂચનાઓ મહત્વપૂર્ણ છે. જો તમે મારા દિશાનિર્દેશોનું ચોક્કસ અનુસરણ કરતા નથી, તો તમે સ્કોર પ્રાપ્ત કરી શકશો નહીં. ધ્યાનપૂર્વક સાંભળો.

  તમે નંબર 2 પેન્સિલનો ઉપયોગ કરી રહ્યાં હોવાની તથા તમે જવાબ પત્રક પર બધા બબલને ઘાટી રીતે અને પૂર્ણપણે ભર્યા હોવાની ખાતરી કરો. જો તમે તમારો જવાબ બદલો છો, તો તેને પૂર્ણપણે ભૂંસી દેશો. છૂટાછવાયા ચિહ્નો કરવાનું ટાળો અને સ્કેચ કાર્ય માટે જવાબ પત્રકનો ઉપયોગ કરશો નહીં.

*જો તમે મોટા-બ્લોકવાળું જવાબ પત્રક વાપરી રહ્યાં હોવ, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- જો તમે મોટા-બ્લોકવાળા જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો તમારા જવાબ પત્રકને ક્યાં અને કેવી રીતે ચિહ્નિત કરવું તે વિશે જવાબ પત્રકનાં આગળનાં ભાગ પરની સૂચનાઓ પણ વાંચો. તમે બબલ્સમાં ભરવાને બદલે દરેક સંબંધિત ચોરસમાં "X" ચિહ્નિત કરશો અને પૃષ્ઠ નંબર હું ઘોષણા કરું છું તેનાથી અલગ હશે.

*પાછળના કવરના ભાષાંતર માટે આ વિભાગનાં અંતે "બેક કવર દિશાનિર્દેશો" જુઓ.*

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારી ટેસ્ટ બુકની પાછળ, તમારી અટક, તમારુ નામ અને પિતા/પતિનું નામ લખો.

  તે પછી આ શાળાનો કોડ નંબર, શાળાનું નામ અને આ રૂમનો નંબર (અથવા નામ) લખો.

*ફોર્મ કોડ ફીલ્ડ માટે, તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- 🔈 તમારી ટેસ્ટ બુકના પાછળનાં કવર પર, "44-ફોર્મ કોડ" લેબલવાળું બૉક્સ જુઓ. તમારા જવાબ પત્રકનાં બૉક્સ 44 પર, તમારી ટેસ્ટની પાછળ બતાવેલ ચોક્કસ અક્ષરો અને નંબરોની કૉપિ કરો અને બબલ્સમાં ભરો.

*ટેસ્ટ ID ફીલ્ડ માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 હવે "45-ટેસ્ટ ID" લેબલવાળું બૉક્સ જુઓ. બૉક્સ 45 માં તમારા જવાબ પત્રક પરનાં નંબરને કૉપિ કરો.

*ટેસ્ટ બુક ક્રમાંક નંબર ફીલ્ડ માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 તમારી ટેસ્ટ બુકનાં ફ્રંટ કવર પર જુઓ. ટેસ્ટ બુકના ઉપરનાં જમણી બાજુનાં ખૂણામાં "ટેસ્ટ બુક ક્રમાંક નંબર" લેબલ કરેલ નંબર શોધો અને તેને તમારા જવાબ પત્રક પર બૉક્સ 46 માં દાખલ કરો. સંબંધિત બબલ્સ ભરો.

*તમામ વિદ્યાર્થીઓને, સુપરવાઇઝર કહેશે:*

- 🔈 ફોર્મ કોડ, ટેસ્ટ ID અને ટેસ્ટ બુક ક્રમાંક નંબર ફીલ્ડ્સ બરાબર પૂર્ણ થયા છે કે નહીં તેની ખાતરી કરવા એક ક્ષણ લો. તમે તમારા જવાબ પત્રક પર યોગ્ય કોડ્સ દાખલ કરો એ ખૂબ અગત્યનું છે. અન્યથા, તમે સ્કોર પ્રાપ્ત કરી શકશો નહીં.

*ટેસ્ટિંગ રૂમ કોડ માટે, તમારા સુપરવાઇઝર કહી શકે છે:*

- 🔈 તમારા જવાબ પત્રક પરનાં બૉક્સ 47 માં, મેં તમારા માટે પોસ્ટ કરેલ 3-અંકનો ટેસ્ટિંગ રૂમ કોડ ભરો.

અથવા

*ટેસ્ટિંગ રૂમ કોડ માટે, તમારા સુપરવાઇઝર કહી શકે છે:*

- 🔈 તમારા જવાબ પત્રક પરનાં બૉક્સ 47 ને ખાલી છોડો.

*સિવાય કે તમે રાજ્ય-અનુમત સુવિધાઓ સાથે ટેસ્ટિંગ કરી રહ્યાં હોવ, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 હવે આ મહત્વપૂર્ણ માહિતી સાંભળો. જો તમે છોડો તે પહેલા તમારા સ્કોરને રદ કરવા માંગતા હોવ, તો ટેસ્ટ સ્કોર રદ કરવાની વિનંતી કરવાનાં ફોર્મ માટે મને પૂછો, જે તમારે રૂમ છોડતા પહેલાં પૂર્ણ કરવું આવશ્યક છે. તમારા સ્કોરને પછીથી રદ કરવા માટે, તમારે College Board ને આજથી અઠવાડિયાનાં 4થા દિવસથી ઇસ્ટર્ન સમય રાતના 11:59 પહેલા લિખિતમાં સૂચિત કરવું આવશ્યક છે.

  ઓવરનાઇટ મેલ અથવા ફૅક્સ દ્વારા તમારી સહી કરેલ રદ્દીકરણ વિનંતી મોકલો. તમે તમારા સ્કોર્સને ઈમેલ સંદેશ અથવા ફોન કૉલ વડે રદ કરી શકતા નથી.

  જો તમે તમારો સ્કોર રદ કરો છો, તો પણ તે રાજ્ય અને જીલ્લાને મોકલવામાં આવશે અને તમારી શાળા દ્વારા ઍક્સેસિબલ રહેશે, પરંતુ તે તમારી પસંદ કરેલ કૉલેજીસ અથવા સ્કોલરશિપ સંસ્થાઓને મોકલવામાં કે College Board ના રિપોર્ટિંગ સિસ્ટમ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં.

*તમામ વિદ્યાર્થીઓને, સુપરવાઇઝર કહેશે:*

- 🔈 જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી. તમે સ્કેચ કાર્ય માટે ટેસ્ટ બુકનો ઉપયોગ કરી શકો છો, પરંતુ તમારે તમારા

જવાબો જવાબ પત્રક પર ચિહ્નિત કરવા આવશ્યક છે સિવાય કે તમને તમારી ટેસ્ત બુકમાં ચિહ્નિત કરવાની મંજૂરી અપાઈ હોય. સમય કૉલ કરવામાં આવ્યા પછી, તમે તમારા જવાબોને ટેસ્ટ બુકમાંથી તમારા જવાબ પત્રકમાં સ્થાનાંતરિત કરી શકશો અથવા ખાલી બબલ્સ ભરી શકશો નહીં.

ટેસ્ટ દરમિયાન, તમારા જવાબ પત્રક અને ટેસ્ટ બુકને તમારી ડેસ્કના મધ્યમાં સીધા રાખો. જો તમને તમારા જવાબ પત્રક અથવા ટેસ્ટ બુક સાથે કંઈક ખોટુ દેખાય, જેમ કે પૃષ્ઠ ખૂટતું હોય અથવા જો તમને સમજાય કે તમે તમારા જવાબ પત્રકનાં ખોટા વિભાગમાં જવાબો લખી રહ્યાં છો, તો તમારો હાથ ઉંચો કરો.

છેવટે, જવાબ પત્રકો અને ટેસ્ટ બુક્સ ટેસ્ટિંગ રૂમમાંથી ક્યારેય દૂર થવા જોઈએ નહીં.

તમારી પ્રગતિ તપાસવા માટે હું સમગ્ર રૂમમાં ફરીશ. હું પણ ટેસ્ટ માટે આધિકારીક સમય રાખીશ. તમારી પાસે ટેસ્ટ દરમિયાન વિરામો હશે જ્યારે તમે આ રૂમ છોડીને નાસ્તો કરવા અથવા વિશ્રામખંડનો ઉપયોગ કરવા જઈ શકો છો.

યાદ રાખો કે ટેસ્ટ સમાપ્ત થયા પછી, જ્યાં સુધી હું ન કહું ત્યાં સુધી કોઈ રૂમ છોડશે નહીં. જો ટેસ્ટિંગ પ્રક્રિયા વિશે તમને કોઈ પ્રશ્નો હોય તો કૃપા કરીને હમણાં પૂછો. ટેસ્ટનાં સમય વિભાગો દરમિયાન હું પ્રશ્નોના જવાબ આપી શકીશ નહીં.

### 1.3.1 ફ્રંટ કવરનાં દિશાનિર્દેશો

📖 *નીચે આપેલ તમારી ટેસ્ટ બુકનાં ફ્રંટ કવરનું ભાષાંતર છે.*

---

**મહત્વપૂર્ણ રિમાઇન્ડર્સ**

1. ટેસ્ટ માટે નંબર 2 પેન્સિલ આવશ્યક છે. મેકેનિકલ પેન્સિલ અથવા પેનનો ઉપયોગ કરશો નહીં.
2. કોઈપણ પ્રશ્નો કોઈપણની સાથે શેર કરવા એ ટેસ્ટ સુરક્ષા અને નિષ્પક્ષતા નીતિઓનું ઉલ્લંઘન છે અને તમારો સ્કોર રદ થવામાં પરિણમી શકે છે.

આ ટેસ્ટ બુક રૂમમાંથી લેવાવી જોઈએ નહીં. આ ટેસ્ટ બુકના કોઈપણ ભાગનું અનાધિકૃત પુનરૂત્પાદન અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.

© 2018 College Board. College Board અને એકોર્ન લૉગો એ College Board ના નોંધાયેલ ટ્રેડમાર્ક્સ છે.

---

## 1.3.2 પાછલા કવરનાં દિશાનિર્દેશો

📖 *નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના પાછળના કવરનું અનુવાદ છે. જ્યારે સૂચના આપવામાં આવે, ત્યારે તમારે કસોટી પુસ્તિકા અથવા જવાબની શીટ પર લખવું જોઈએ, ન કે અનુવાદના આ દસ્તાવેજ પર.*

---

**તમારું નામ (અંગ્રેજીમાં)**______________________________

છેલ્લાં પ્રથમ મધ્ય

શાળા ______________________________

નંબર શાળાનું નામ રૂમ નંબર

## SAT

### સામાન્ય નિર્દેશો

- તમે એક સમયે ફક્ત એક જ વિભાગ પર કાર્ય કરી શકો છો.
- જો તમે કોઈ અનુભાગને સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો, તો તે વિભાગ પરના તમારા કાર્યને તપાસો. તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

### જવાબોને ચિહ્નિત કરવા

- તમારી જવાબની શીટને ઠીકથી ચિહ્નિત કરવાની ખાતરી કરો.




- તમારે નં. 2 પેન્સિલનો ઉપયોગ કરવો જોઈએ.
- દરેક પ્રશ્ન માટે ફક્ત એક જવાબને ધ્યાનથી ચિહ્નિત કરો.
- તમે બધા બબલને ઘાટી રીતે અને પૂર્ણપણે ભર્યા હોવાની ખાતરી કરો.
- તમારી જવાબની શીટ પર કોઈપણ પ્રકારના નિશાન ન કરવા.
- જો તમે ભૂંસી નાખો છો, તો તે પૂરી રીતે કરો. અધૂરી ભૂંસેલ વસ્તુઓને ઇચ્છિત જવાબ તરીકે સ્કોર કરવામાં આવી શકે છે.
- પ્રશ્ન નંબરને અનુરૂપ જ જવાબ પંક્તિઓનો ઉપયોગ કરો.

### તમારી કસોટી પુસ્તિકાનો ઉપયોગ કરવો

- તમે રફ કાર્ય માટે કસોટી પુસ્તિકાનો ઉપયોગ કરી શકો છો, પરંતુ તમે તમારી કસોટી પુસ્તિકામાં જે કંઈપણ લખો છો તેના તમને કોઈ માર્ક મળશે નહીં.
- સમય પૂરો થઈ ગયાં પછી, તમે તમારી કસોટી પુસ્તિકામાંથી તમારી જવાબની શીટમાં જવાબો ઉતારી કે વર્તુળોને ભરી શકશો નહીં.
- તમે આ પુસ્તિકામાંથી પૃષ્ઠો અથવા પૃષ્ઠના ભાગોને ફોલ્ડ અથવા દૂર કરી શકતાં નથી અથવા પરીક્ષા ખંડમાંથી પુસ્તિકા અથવા જવાબની શીટને બહાર લઈ જઈ શકતાં નથી.

### સ્કોરિંગ

- દરેક સાચા જવાબ માટે, તમને એક પૉઇન્ટ મળે છે.
- ખોટા જવાબ આપવા બદલ તમે કોઈ પૉઇન્ટ ગુમાવશો નહીં; તેથી, તમારે દરેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરવો જોઈએ, પછી ભલને તમે સાચા જવાબ અંગે સુનિશ્ચિત ન હોવ.

### મહત્વપૂર્ણ

**નીચેના કોડ તમારી કસોટી પુસ્તિકા માટે અનન્ય છે. તેમને તમારી જવાબની શીટ પર 44 અને 45 બૉક્સમાં કૉપિ કરો અને દર્શાવ્યાં પ્રમાણે જ સંબંધિત વર્તુળોને ભરો.**







આ કસોટી માટેના આ ફકરાઓમાં સમાવેલ વિચારો, જેમાંથી કેટલાક પ્રકાશિત સામગ્રીમાંથી લેવામાં અથવા અપનાવાયા છે, તે જરૂરી નથી કે College Board ના મંતવ્યોને રજૂ કરે.

**જ્યાં સુધી સુપરવાઇઝર તમને આ પુસ્તિકા ખોલવા માટે ન કહે ત્યાં સુધી તમારે આ પુસ્તિકા ખોલવી નહીં.**

---

## 1.4 વિભાગ 1: વાંચન કસોટી

*વિભાગ 1 માટેનો માનક સમય **65 મિનિટ** છે, જેમાં વિભાગના અંતે **10-મિનિટનો વિરામ** છે. જો તમે મંજૂર સ્થાન પર કસોટી આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા સુપરવાઇઝર દ્વારા ઘોષણાઓ ધ્યાનપૂર્વક વંચાવી જોઈએ.*

*કસોટી પુસ્તિકાના નિર્દેશોનું અનુવાદ અનુવાદિત બોલાયેલા નિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

- એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 1, વાંચન કસોટી પર કામ કરવા માટે 65 મિનિટનો સમય હશે. આ વિભાગ સમાપ્ત થઈ જવા પર અમે નાનો વિરામ લઈશું. કૃપા કરીને તમારા કેલ્ક્યુલેટરને તમારા ડેસ્કની નીચે રાખો; આ વિભાગ માટે તમને તેની જરૂર પડશે નહીં.

  તમે નંબર 2 પેંસિલનો ઉપયોગ કરી રહ્યાં હોવાની તથા તમે બધા બબલને ઘાટી રીતે અને પૂર્ણપણે ભર્યા હોવાની ખાતરી કરો. જો તમે તમારો જવાબ બદલો છો, તો તેને પૂર્ણપણે ભૂંસી દેશો. જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

  યાદ રાખો કે તમને યોગ્ય જવાબો માટે પૉઇન્ટ પ્રાપ્ત થાય છે, પરંતુ તમે ખોટા જવાબો માટે પૉઇન્ટ ગુમાવતાં નથી. તેનો અર્થ એ કે તમારે દરેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરવો જોઈએ, પછી ભલે તમે સાચા જવાબ અંગે સુનિશ્ચિત ન હોવ.

  કૃપા કરીને તમારા જવાબ પત્રક પર વિભાગ 1 જુઓ. તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 1 માં સંખ્યાત્મક કસોટીના પ્રશ્નોને અનુરૂપ છે. હવે, કૃપા કરી તમારી ટેસ્ટ બુક પર વિભાગ 1 ખોલો, દિશાનિર્દેશો વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે. પરીક્ષા માટે શુભેચ્છા.

*30 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- આ વિભાગમાં તમારી પાસે 35 મિનિટનો સમય બાકી છે.

*60 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 65 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો. તમારા જવાબ પત્રકને બંધ કરો અને તેને તમારી ટેસ્ટ બુકની સામેની તરફ રાખો. તમારી ટેસ્ટ બુકને બંધ કરો અને તેને તમારા ડેસ્ક પર છોડી દો. હવે આપણે 10 મિનિટનો વિરામ લઈશું.

  જો તમે કોઈ નાસ્તો લાવ્યા હોવ, તો તમે તે ફક્ત નિયુક્ત વિસ્તારોમાં જ ખાઈ શકો છો. નિયુક્ત વિસ્તારો, હૉલવે અથવા વિશ્રામખંડ સિવાય અન્ય કોઈ સ્થાને જશો નહીં. હૉલવેમાં વાત કરશો નહીં અથવા કોઈપણની સાથે ટેસ્ટ પ્રશ્નોની ચર્ચા કરશો નહીં. અન્ય રૂમ્સમાં પણ તે બાબતોનું ધ્યાન રાખશો.

  અમે બરાબર 10 મિનિટમાં ફરી કસોટી શરૂ કરીશું.

*જો તમારી શાળાએ તમારા અંગત સામાનનો સંગ્રહ કર્યો ન હતો, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમે પરીક્ષા દરમિયાનના આ વિરામ અથવા અન્ય કોઈપણ વિરામમાં ફોન અથવા અન્ય કોઈ ઇલેક્ટ્રોનિક ઉપકરણનો ઉપયોગ કરી શકશો નહીં. કોઈપણ ફોન અથવા અન્ય ઉપકરણો બંધ રહેવા અને તમારા ડેસ્કની નીચે દૂર મૂકવા આવશ્યક છે.

### 1.4.1 વિરામ દરમિયાન

*વિરામના અંતે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારી બેઠક લો.

### 1.4.2 વિભાગ 1 કસોટી પુસ્તિકાના નિર્દેશો

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 1 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**65 મિનિટ, 52 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 1 પર જાઓ.**

**નિર્દેશો**

નીચે આપેલ દરેક ફકરો અથવા ફકરાની જોડીની સામે પ્રશ્નોના નંબર છે. દરેક ફકરો અથવા ફકરાની જોડીને વાંચ્યા પછી, ફકરા અને ફકરાઓમાં તથા તેની સાથેના ગ્રાફિક્સ (જેમ કે કોષ્ટક અથવા આલેખ)માં જે કહેવાયું છે અથવા સૂચિત છે તેના આધારે દરેક પ્રશ્નનો શ્રેષ્ઠ જવાબ પસંદ કરો.

---

### 1.4.3 પ્રમાણીકરણ વિધાન

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

- જ્યારે તમે તમારું જવાબ પત્રક સબમિટ કરો, ત્યારે તમે સંમત થાઓ છો કે, કોઈપણ સંજોગો હેઠળ, કોઈપણ ટેસ્ટ પ્રશ્નોને ટેસ્ટિંગ રૂમમાંથી લઈ જશો, તે કોઈને પણ આપશો અથવા ઈમેલ, ટેક્સ્ટ સંદેશ અથવા ઇન્ટરનેટ સહિત કોઈપણ માધ્યમ પરંતુ અહીં સુધી મર્યાદિત નહીં તેવા દ્વારા કોઈની સાથે તેમની ચર્ચા કરશો નહીં. આ શરતો SAT સ્કૂલ ડે સ્ટુડન્ટ ગાઇડમાં અને sat.org પર ઑનલાઇન જણાવવામાં આવી છે.

  તમારું જવાબ પત્રક બહાર કાઢો, પરંતુ તમારી ટેસ્ટ બુક બંધ રહેવા દો. તમારા જવાબ પત્રકને પાછળ ફેરવો અને બૉક્સ 48, પ્રમાણીકરણ વિધાન જુઓ. નીચે નિયમોનો ફકરો વાંચ્યા પછી, તમારી હંમેશાની હસ્તલેખન શૈલી—પ્રિન્ટ અથવા કર્સિવમાં સ્ટેટમેન્ટની કૉપિ કરવી સારું રહેશે. તે પછી જેવી તમે આધિકારીક દસ્તાવેજ પર કરો છો તેવી તમારા પૂરા નામથી સહી કરો. તમારી સહીની બાજુમાં, આજની તારીખ દાખલ કરો. જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે જુઓ.

*નીચે આપેલ અનુવાદ એ તમારા જવાબ પત્રકના બૉક્સ 48 માંના પ્રમાણીકરણ સ્ટેટમેન્ટનો છે. સ્ટેટમેન્ટ અંગ્રેજીમાં કૉપિ કરો, અહીં આપેલ અનુવાદ નહીં.*

આજે, હું મારા કૉલેજનાં પથ પર મારું પહેલુ પગલું માંડું છું. હું પુષ્ટિ કરું છું કે હું તે વ્યક્તિ છું જે જવાબ પત્રક પર સૂચિબદ્ધ છે અને ટેસ્ટના દિશાનિર્દેશોમાં વર્ણવેલ ટેસ્ટ સુરક્ષા અને ઔચિત્યતા નીતિઓને અનુસરવાની પ્રતિજ્ઞા લઉં છું.

## 1.5 વિભાગ 2: લેખન અને ભાષા પરીક્ષા

*વિભાગ 2 માટેનો માનક સમય **35 મિનિટ** છે. જો તમે મંજૂર સ્થાન પર કસોટી આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા સુપરવાઇઝર દ્વારા ઘોષણાઓ ધ્યાનપૂર્વક વંચાવી જોઈએ.*

*કસોટી પુસ્તિકાના નિર્દેશોનું અનુવાદ અનુવાદિત બોલાયેલા નિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 2, લેખન અને ભાષા કસોટી પર કામ કરવા માટે 35 મિનિટનો સમય હશે. જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી. કૃપા કરીને તમારા કેલ્ક્યુલેટરને તમારા ડેસ્કની નીચે રાખો; આ વિભાગ માટે તમને તેની જરૂર પડશે નહીં.

તમારી જવાબ શીટ અને કસોટી પુસ્તિકાને તમારા ડેસ્ક પર રાખો.

હવે તમારા જવાબ પત્રક પર વિભાગ 2 શોધો. તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 2 માં સંખ્યાત્મક કસોટીના પ્રશ્નોને અનુરૂપ છે. તમારી કસોટી પુસ્તિકાને વિભાગ 2 પર ખોલો, નિર્દેશોને વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે.

*15 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 20 મિનિટનો સમય બાકી છે.

*30 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 35 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો.

તમારા જવાબ પત્રકને તમારી ટેસ્ટ બુકમાં તે પૃષ્ઠ પર રાખો જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું છે. તમારી ટેસ્ટ બુક બંધ કરો.

### 1.5.1 વિભાગ 2 કસોટી પુસ્તિકાના નિર્દેશો

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 2 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**35 મિનિટ, 44 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 2 પર જાઓ.**

**નિર્દેશો**

નીચેના દરેક ફકરાની સામે પ્રશ્નોનો નંબર છે. કેટલાક પ્રશ્નો માટે, તમે વિચારોની અભિવ્યક્તિને બહેતર બનાવવા માટે ફકરામાં સુધારો કેવી રીતે કરી શકાય તેને ધ્યાનમાં રાખશો. અન્ય પ્રશ્નો માટે, તમે વાક્ય રચના, ઉપયોગ અથવા વિરામચિહ્નોમાં ભૂલોને ઠીક કરવા માટે ફકરાને કેવી રીતે સંપાદિત કરી શકાય તેને ધ્યાનમાં રાખશો. કોઈ ફકરા અથવા પ્રશ્નની સાથે એક અથવા વધુ ગ્રાફિક્સ (જેમ કે કોષ્ટક અથવા ગ્રાફ) હોઈ શકે છે જેને તમે નિર્ણયોમાં ફેરફાર અને સંપાદન કરવા માટે ધ્યાનમાં લેશો.

કેટલાક પ્રશ્નો તમને ફકરાના કોઈ રેખાંકિત ભાગ તરફ દોરી જશે. અન્ય પ્રશ્નો તમને ફકરામાં કોઈ સ્થાન તરફ દોરશે અથવા તમને પૂરા ફકરા વિશે વિચાર કરવા માટે કહેશે.

દરેક ફકરો વાંચ્યા પછી, દરેક પ્રશ્નનો જવાબ પસંદ કરો કે જે ફકરામાં લેખનની ગુણવત્તાને વધુ અસરકારક રીતે બહેતર બનાવે છે અથવા જે ફકરાને માનક લેખન અંગ્રેજીના સિદ્ધાંતોને અનુરૂપ બનાવે છે. ઘણા પ્રશ્નોમાં "કોઈ ફેરફાર નહીં" વિકલ્પ શામેલ નથી. જો તમને લાગતું હોય કે ફકરાના સંબંધિત વિભાગને જેમ છે તેમ છોડી દેવો એ શ્રેષ્ઠ વિકલ્પ છે તો તે વિકલ્પ પસંદ કરો.

---

## 1.6 વિભાગ 3: ગણિતની કસોટી – કોઈ કેલ્ક્યુલેટર નહીં

*વિભાગ 3 માટેનો માનક સમય **25 મિનિટ** છે, જેમાં વિભાગના અંતે **5-મિનિટનો વિરામ** છે. જો તમે મંજૂર સ્થાન પર કસોટી આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા સુપરવાઇઝર દ્વારા ઘોષણાઓ ધ્યાનપૂર્વક વંચાવી જોઈએ.*

*કસોટી પુસ્તિકાના નિર્દેશોનું અનુવાદ અનુવાદિત બોલાયેલા નિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 3, ગણિતની કસોટી પર કેલ્ક્યુલેટર કામ કરવા માટે 25 મિનિટનો સમય હશે. આ વિભાગ સમાપ્ત થઈ જવા પર અમે એક નાનો વિરામ લઈશું.

જો કે આ ગણિતનો વિભાગ છે, છતાં તમને ટેસ્ટનાં આ ભાગ પર કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની મંજૂરી નથી અને તમારું કેલ્ક્યુલેટર તમારા ડેસ્કની નીચે રાખવું આવશ્યક છે જ્યાં સુધી તમારી પાસે 4-ફંક્શનના કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની માન્ય સુવિધા ન હોય.

તમારી કસોટી પુસ્તિકામાં "વિદ્યાર્થી દ્વારા અપાયેલા જવાબો" લેબલ ધરાવતાં પ્રશ્નોના તમારા જવાબોને કેવી રીતે ગ્રિડ કરવા તે માટેના નિર્દેશો. આ વિદ્યાર્થી-નિર્મિત જવાબો ટૂંકા હોઈ શકે છે, પરંતુ 4 અક્ષર કરતાં મોટા હોઈ શકતાં નથી. તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 3 માં સંખ્યાત્મક કસોટીના પ્રશ્નોને અનુરૂપ છે.

જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

કૃપા કરીને તમારી ટેસ્ટ બુક ખોલો અને તમારા જવાબ પત્રકને બહાર કાઢો. તમારી જવાબ શીટ અને કસોટી પુસ્તિકાને તમારા ડેસ્ક પર રાખો. તમારા જવાબ પત્રક પર વિભાગ 3 જુઓ. હવે, કૃપા કરીને તમારી ટેસ્ટ બુકમાં વિભાગ 3 પર જાઓ, દિશાનિર્દેશો વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે.

*10 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- આ વિભાગમાં તમારી પાસે 15 મિનિટનો સમય બાકી છે.

*20 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 25 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો.

  તમારા જવાબ પત્રકને તમારી ટેસ્ટ બુકમાં તે પૃષ્ઠ પર મૂકો જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું છે. તમારી કસોટી પુસ્તિકાને બંધ કરો અને તેને તમારા ડેસ્ક પર છોડી દો. હવે આપણે 5 મિનિટનો વિરામ લઈશું. જો તમે કોઈ નાસ્તો લાવ્યા હોવ, તો તમે તે ફક્ત નિયુક્ત વિસ્તારોમાં જ ખાઈ શકો છો. પહેલાની જેમ, નિયુક્ત વિસ્તારો, હૉલવે અથવા વિશ્રાંતિખંડ સિવાય ક્યાંય જશો નહીં. હૉલવેમાં વાત કરશો નહીં અથવા કોઈપણની સાથે ટેસ્ટ પ્રશ્નોની ચર્ચા કરશો નહીં. અમે બરાબર 5 મિનિટમાં ફરી ટેસ્ટિંગ શરૂ કરીશું.

### 1.6.1 વિરામ દરમિયાન

*વિરામના અંતે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારી બેઠક લો.

## 1.6.2 વિભાગ 3 કસોટી પુસ્તિકાના નિર્દેશો

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 3 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**25 મિનિટ, 20 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 3 પર જાઓ.**

**નિર્દેશો**

**પ્રશ્નો 1–15 માટે**, દરેક સમસ્યાને ઉકેલો, પ્રદાન કરેલ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ જવાબ પસંદ કરો અને તમારી જવાબ શીટ પર અનુરૂપ વર્તુળને ભરો. **પ્રશ્નો 16–20 માટે**, દરેક સમસ્યાને ઉકેલો અને જવાબ શીટ પર રહેલ ગ્રિડમાં તમારો જવાબ દાખલ કરો. ગ્રિડમાં તમારા જવાબો કેવી રીતે દાખલ કરવા તે વિશે કૃપા કરીને પ્રશ્ન 16 પહેલાં આપેલા નિર્દેશોનો સંદર્ભ લો. તમે સ્કેચ વર્ક માટે તમારી કસોટી પુસ્તિકામાં રહેલ કોઈપણ ઉપલબ્ધ જગ્યાનો ઉપયોગ કરી શકો છો.

**નોંધ**

1. કેલ્ક્યુલેટરના ઉપયોગની **મંજૂરી નથી**.
2. ઉપયોગમાં લેવાયેલ તમામ ચલ અને પદાવલિઓ વાસ્તવિક સંખ્યાઓને રજૂ કરે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
3. આ કસોટીમાં આપવામાં આવેલ આકૃતિઓ સ્કેલ પર તૈયાર કરવામાં આવે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
4. બધી આકૃતિઓ એક સપાટી પર રહે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
5. જ્યાં સુધી સૂચવવામાં ન આવે ત્યાં સુધી, આપેલ વિધેય $f$ નો ડોમેન એ બધી વાસ્તવિક સંખ્યાઓ $x$ નો ગણ છે, જે માટે $f(x)$ એક વાસ્તવિક સંખ્યા છે.

**સંદર્ભ**




વર્તુળમાં ચાપના અંશની સંખ્યા 360 છે.
વર્તુળમાં ચાપના ત્રિજ્યાકોણની સંખ્યા 2π છે.
ત્રિકોણના કોણના અંશમાં માપનો સરવાળો 180 છે.

**નિર્દેશો**

**16–20 પ્રશ્નો માટે, સમસ્યાને ઉકેલો અને જવાબ શીટ પર નીચે વર્ણવ્યાં મુજબ તમારા જવાબને ગ્રિડમાં દાખલ કરો.**

1. આવશ્યક ન હોવા છતાં, સૂચવવામાં આવે છે કે તમે વર્તુળોને ચોક્કસપણે ભરવામાં મદદ માટે કૉલમ્સની ટોચ પર રહેલ ખાનામાં તમારો જવાબ લખો. વર્તુળોને યોગ્ય રીતે ભરવા પર જ તમને ક્રેડિટ પ્રાપ્ત થશે.
2. કોઈપણ કૉલમમાં કોઈ એકથી વધુ વર્તુળને ચિહ્નિત કરવા નહીં.
3. કોઈ પ્રશ્નનો નકારાત્મક જવાબ નથી.
4. કેટલીક સમસ્યાઓમાં એક કરતાં વધુ સાચો જવાબ હોઈ શકે છે. આવા કિસ્સામાં, ગ્રિડમાં ફક્ત એક જ જવાબ આપો.
5. **મિશ્ર નંબરો** જેમ કે $3\frac{1}{2}$ ને 3.5 અથવા 7/2 તરીકે ગ્રિડ કરવા આવશ્યક છે. (જો ગ્રિડમાં  દાખલ કરવામાં આવે, તો તેનું અર્થઘટન $\frac{31}{2}$, તરીકે કરવામાં આવશે ન કે $3\frac{1}{2}$ તરીકે.)
6. **દશાંશ જવાબો:** જો તમે ગ્રિડમાં આવી શકે તેના કરતાં વધુ અંકોનો દશાંશ જવાબ મેળવો છો, તો તે શૂન્યાંત અથવા કાપવામાં આવી શકે છે, પરંતુ તેણે સંપૂર્ણ ગ્રિડને ભરવાનું રહેશે.




2/3 ગ્રિડ માટેની સ્વીકાર્ય રીત છે:




જવાબ: 201 - કોઈ એક સ્થાન સાચું છે




નોંધ: તમે તમારા જવાબો કોઈપણ કૉલમમાં શરૂ કરી શકો છો, જગ્યા અનુસાર. તમને જરૂર ન હોય તે કૉલમ્સ ખાલી છોડવા જોઈએ.

## 1.7 વિભાગ 4: ગણિતની કસોટી – કેલ્ક્યુલેટર

*વિભાગ 4 માટેનો માનક સમય **55 મિનિટ** છે. જો તમે મંજૂર સ્થાન પર કસોટી આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા સુપરવાઇઝર દ્વારા ઘોષણાઓ ધ્યાનપૂર્વક વંચાવી જોઈએ.*

*કસોટી પુસ્તિકાના નિર્દેશોનું અનુવાદ અનુવાદિત બોલાયેલા નિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 4, કેલ્ક્યુલેટર સાથે ગણિતની કસોટી પર કામ કરવા માટે 55 મિનિટનો સમય હશે.

તમે આ વિભાગ માટે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકો છો. કૃપા કરીને હવે તમારું કેલ્ક્યુલેટર બહાર કાઢો અને તેને તમારી ડેસ્કના મધ્ય ભાગમાં મૂકો.

કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરતી વખતે, કૃપા કરીને આ દિશાનિર્દેશોનું પાલન કરો:

- તેને તમારા ડેસ્ક પર મૂકી દો અથવા તેને પકડી રાખો જેથી અન્ય વિદ્યાર્થીઓ તમારા કાર્યને જોઈ ન શકે.
- બીજા કોઈની સાથે તમારા કેલ્ક્યુલેટરને શેર અથવા અદલાબદલી કરશો નહીં.
- જો તમે બેકઅપ કેલ્ક્યુલેટર અથવા બેટરી લાવ્યાં હોવ, તો તેમને તમારા ડેસ્કની નીચે ફ્લોર પર રાખો.
- જો તમારું કેલ્ક્યુલેટર ઠીકથી કામ ના કરે અને તમારી પાસે બેટરી અથવા બેકઅપ કૅલ્ક્યુલેટર હોય, તો તમારો હાથ ઉઠાવો. હું જોઈશ કે તમારું અવેજી સાધન સ્વીકાર યોગ્ય છે કે નહીં. જો તમારી પાસે બેકઅપ નથી, તો ટેસ્ટ ચાલુ રાખો. ગણિતના બધા પ્રશ્નોનો જવાબ કેલ્ક્યુલેટર વિના આપી શકાય છે.

તમારી કસોટી પુસ્તિકામાં "વિદ્યાર્થી દ્વારા અપાયેલા જવાબો" લેબલ ધરાવતાં પ્રશ્નોના તમારા જવાબોને કેવી રીતે ગ્રિડ કરવા તે માટેના નિર્દેશો. આ વિદ્યાર્થી દ્વારા અપાયેલા જવાબો ટૂંકા હોઈ શકે છે, પરંતુ 4 અક્ષર કરતાં મોટા હોઈ શકતાં નથી. તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 4 માં સંખ્યાત્મક કસોટીના પ્રશ્નોને અનુરૂપ છે.

જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

કૃપા કરીને તમારી ટેસ્ટ બુક ખોલો અને તમારા જવાબ પત્રકને બહાર કાઢો. તમારી જવાબ શીટ અને કસોટી પુસ્તિકાને તમારા ડેસ્ક પર રાખો. તમારા જવાબ પત્રક પર વિભાગ 4 જુઓ. હવે, કૃપા કરીને તમારી ટેસ્ટ બુકમાં વિભાગ 4 પર જાઓ, દિશાનિર્દેશો વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે.

*25 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 30 મિનિટનો સમય બાકી છે.

*50 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 55 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો. તમારી ટેસ્ટ બુક અને જવાબ પત્રક બંધ કરો. તમારા જવાબ પત્રકને તમારી ટેસ્ટ બુકની પાસે રાખો.

### 1.7.1 વિભાગ 4 કસોટી પુસ્તિકાના નિર્દેશો

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 4 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**55 મિનિટ, 38 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 4 પર જાઓ.**

**નિર્દેશો**

**પ્રશ્નો 1–30 માટે**, દરેક સમસ્યાને ઉકેલો, પ્રદાન કરેલ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ જવાબ પસંદ કરો અને તમારી જવાબ શીટ પર અનુરૂપ વર્તુળને ભરો. **પ્રશ્નો 31–38 માટે**, દરેક સમસ્યાને ઉકેલો અને જવાબ શીટ પર રહેલ ગ્રિડમાં તમારો જવાબ દાખલ કરો. ગ્રિડમાં તમારા જવાબો કેવી રીતે દાખલ કરવા તે વિશે કૃપા કરીને પ્રશ્ન 22 પહેલાં આપેલા નિર્દેશોનો સંદર્ભ લો. તમે સ્કેચ વર્ક માટે તમારી કસોટી પુસ્તિકામાં રહેલ કોઈપણ ઉપલબ્ધ જગ્યાનો ઉપયોગ કરી શકો છો.

**નોંધ**

1. કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની **પરવાનગી છે**.
2. ઉપયોગમાં લેવાયેલ તમામ ચલ અને પદાવલિઓ વાસ્તવિક સંખ્યાઓને રજૂ કરે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
3. આ કસોટીમાં આપવામાં આવેલ આકૃતિઓ સ્કેલ પર તૈયાર કરવામાં આવે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
4. બધી આકૃતિઓ એક સપાટી પર રહે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
5. જ્યાં સુધી સૂચવવામાં ન આવે ત્યાં સુધી, આપેલ વિધેય $f$ નો ડોમેન એ બધી વાસ્તવિક સંખ્યાઓ $x$ નો ગણ છે, જે માટે $f(x)$ એક વાસ્તવિક સંખ્યા છે.

**સંદર્ભ**




$A = \pi r^2$
$C = 2\pi r$

$A = \ell w$

$A = \frac{1}{2}bh$

$c^2 = a^2 + b^2$

વિશેષ કાટખૂણાંઓ




$V = \ell wh$

$V = \pi r^2 h$

$V = \frac{4}{3}\pi r^3$

$V = \frac{1}{3}\pi r^2 h$

$V = \frac{1}{3}\ell wh$

વર્તુળમાં ચાપના અંશની સંખ્યા 360 છે.
વર્તુળમાં ચાપના ત્રિજ્યાકોણની સંખ્યા 2π છે.
ત્રિકોણના કોણના અંશમાં માપનો સરવાળો 180 છે.

## નિર્દેશો

**31–38 પ્રશ્નો માટે,** સમસ્યાને ઉકેલો અને જવાબ શીટ પર નીચે વર્ણવ્યાં મુજબ તમારા જવાબને ગ્રિડમાં દાખલ કરો.

1. આવશ્યક ન હોવા છતાં, સૂચવવામાં આવે છે કે તમે વર્તુળોને ચોક્કસપણે ભરવામાં મદદ માટે કૉલમ્સની ટોચ પર રહેલ ખાનામાં તમારો જવાબ લખો. વર્તુળોને યોગ્ય રીતે ભરવા પર જ તમને ક્રેડિટ પ્રાપ્ત થશે.
2. કોઈપણ કૉલમમાં કોઈ એકથી વધુ વર્તુળને ચિહ્નિત કરવા નહીં.
3. કોઈ પ્રશ્નનો નકારાત્મક જવાબ નથી.
4. કેટલીક સમસ્યાઓમાં એક કરતાં વધુ સાચો જવાબ હોઈ શકે છે. આવા કિસ્સામાં, ગ્રિડમાં ફક્ત એક જ જવાબ આપો.

5. **મિશ્ર નંબરો** જેમ કે $3\frac{1}{2}$ ને 3.5 અથવા 7/2 તરીકે ગ્રિડ કરવા આવશ્યક છે. (જો ગ્રિડમાં  દાખલ કરવામાં આવે, તો તેનું અર્થઘટન $\frac{31}{2}$, તરીકે કરવામાં આવશે ન કે $3\frac{1}{2}$ તરીકે.)



6. **દશાંશ જવાબો:** જો તમે ગ્રિડમાં આવી શકે તેના કરતાં વધુ અંકોનો દશાંશ જવાબ મેળવો છો, તો તે શૂન્યાંત અથવા કાપવામાં આવી શકે છે, પરંતુ તેણે સંપૂર્ણ ગ્રિડને ભરવાનું રહેશે.



### 1.7.2 વિરામ દરમિયાન

*જો તમે નિબંધ વિના SAT લઈ રહ્યાં હોવ, તો તમારા સુપરવાઇઝર "ટેસ્ટ પછી" પર જશે.*

*જો તમે નિબંધ સાથે SAT લઈ રહ્યાં હોવ, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારા કેલ્ક્યુલેટરને તમારા ડેસ્કની નીચે રાખો. 2 મિનિટ સ્ટ્રેચ કરવા હવે આપણે એક વિરામ લઈશું. તમે રૂમ છોડી શકશો કે ટેસ્ટ પ્રશ્નોની ચર્ચા કરી શકશો નહીં.

*વિરામના અંતે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- તમારી બેઠક લો. હવે હું તમારી કસોટી પુસ્તિકાઓને એકત્રિત કરીશ. તમને ટેસ્ટનાં નિબંધ વિભાગ માટે તમારા જવાબ પત્રકને રાખવાની જરૂર પડશે. કૃપા કરીને હું ટેસ્ટ બુક્સ એકત્રિત કરું અને ગણતરી કરું ત્યાં સુધી શાંતિથી બેસો.

## 1.8 વિભાગ 5: SAT નિબંધ

*વિભાગ 5 માટેનો માનક સમય **50 મિનિટ** છે. જો તમે મંજૂર સ્થાન પર કસોટી આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા સુપરવાઇઝર દ્વારા ઘોષણાઓ ધ્યાનપૂર્વક વંચાવી જોઈએ.*

*તમારો નિબંધ (તમારા જવાબ પત્રક પર) ઉપયોગ કરવા વિશેના સ્ટેટમેન્ટનો અનુવાદ અને નિબંધ બુકના દિશાનિર્દેશો અનુવાદિત બોલાયેલ દિશાનિર્દેશોને અનુસરતા દેખાય છે.*

*નિબંધ સાથે SAT લઈ રહેલા વિદ્યાર્થીઓને તમારા સુપરવાઇઝર કહેશે:*

- પૃષ્ઠ 6 પરના વિભાગ 5 ને પ્રારંભ કરવા તમારું જવાબ પત્રક ખોલો (અથવા મોટા-બ્લોકના જવાબ પત્રકમાં પૃષ્ઠ 34). તમારા નિબંધના ઉપયોગ વિશેના સ્ટેટમેન્ટને વાંચવા માટે એક પળનો સમય લો, તે પછી નક્કી કરો કે બબલ (અથવા ચોરસ)ને ચિહ્નિત કરવા કે નહીં. જ્યારે તમે સમાપ્ત કરી લો, ત્યારે કૃપા કરીને અહીં જુઓ.

  હવે હું તમને દરેકને નિબંધ બુક આપીશ. જ્યાં સુધી હું તમને નિબંધ બુકને ખોલવા ન કહું ત્યાં સુધી તમારે તેને ખોલવી નહીં.

*જ્યારે બધા વિદ્યાર્થીઓ પાસે તેમની નિબંધ બુક આવી જાય તે પછી તમારા સુપરવાઇઝર કહેશે:*

- નિબંધ બુકની પાછળ, તમારી અટક, નામ અને પિતા/પતિના આદ્યાક્ષર લખો. તે પછી આ મુજબ લખો: શાળાનો કોડ નંબર, ____________ શાળાનું નામ ______________________________ અને આ રૂમનો નંબર (અથવા નામ) __________ .

  એકવાર શરૂ કર્યા પછી, તમારી પાસે વિભાગ 5, SAT નિબંધ પર કાર્ય કરવા માટે 50 મિનિટનો સમય હશે. તમે નોંધો બનાવી શકો છો અને લાઇન વગરનાં પ્લાનિંગ પૃષ્ઠ પર તમારો નિબંધ પ્લાન કરી શકો છો પરંતુ ત્યાં કંઈપણ લખેલા પર સ્કોર આપવામાં આવશે નહીં. જ્યારે તમે તૈયાર હોવ, ત્યારે તમારે પ્રથમ આંકેલા પૃષ્ઠ પરથી તમારો નિબંધ લખવાનું શરૂ કરવું પડશે, જે કહે છે "તમારો નિબંધ અહીંથી શરૂ કરો". તમારે તમારો નિબંધ જવાબ પત્રકનાં ઉચિત પૃષ્ઠો અને ચિહ્નિત હાંસિયાની અંદર લખવો આવશ્યક છે. છેલ્લા આંકેલા પૃષ્ઠ પરના "રોકો" શબ્દ પછી લખવાનું ચાલુ રાખશો નહીં, કારણ કે તે બિંદુ પછી કંઈપણ લખાયેલ હોય તેને સ્કોર આપવામાં આવશે નહીં. અતિરિક્ત પૃષ્ઠોની મંજૂરી નથી. તમારે તમારો નિબંધ નંબર 2 પેન્સિલથી લખવો આવશ્યક છે. જો તમે નંબર 2 પેન્સિલનો ઉપયોગ કરતા નથી, તો તમારો નિબંધ ખાલી દેખાશે. જો તમે નિબંધ ખાલી છોડો છો, તો તમને નિબંધ માટે 0 સ્કોર પ્રાપ્ત થશે.

*તમામ પ્રશ્નોના જવાબ અપાયા પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 તમારા નિબંધ બુક કવર પરનાં દિશાનિર્દેશો વાંચો અને તે પછી તમારી નિબંધ બુક ખોલો અને કાર્ય શરૂ કરો. સમય હવે શરૂ થાય છે.

*25 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ વિભાગમાં તમારી પાસે 25 મિનિટનો સમય બાકી છે.

*45 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 50 મિનિટ પછી, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો. તમારા જવાબ પત્રક અને નિબંધ બુકને બંધ કરો. તમારા જવાબ પત્રકને તમારી નિબંધ બુકની પાસે રાખો.

### 1.8.1 જવાબ પત્રકનું સ્ટેટમેન્ટ

📖 *નીચે તમારા જવાબ પત્રકનાં આયોજિત પૃષ્ઠ પર તમારા નિબંધના ઉપયોગ વિશેના સ્ટેટમેન્ટનો અનુવાદ આપ્યો છે.*

હું સમજું છું કે મારો નિબંધ (મારા નામ વગર) અન્ય College Board સામગ્રીઓમાં પુનરૂત્પાદિત કરી શકાય છે. જો હું આને લંબગોળ ચિહ્નિત કરું છું, તો હું મારા નિબંધને મારા લેખન કૌશલ્યના સ્કોર રિપોર્ટિંગ અને મૂલ્યાંકન સિવાયના કોઈપણ હેતુ માટે પુનરૂત્પાદિત કરવાની પરવાનગી આપવાથી અટકાવું છું. આને લંબગોળ ચિહ્નિત કરવું મારા સ્કોર પર અસર કરશે નહીં, અને ન તો તે મારા નિબંધને હું જેમને મારા SAT સ્કોર્સ મોકલું તે કોઈપણ કૉલેજને તે ઉપલબ્ધ થવાથી અટકાવશે નહીં.

### 1.8.2 વિભાગ 5 નિબંધ બુકના દિશાનિર્દેશો

📖 *નીચે આપેલ અનુવાદ એ તમારી નિબંધ બુકના ફ્રંટ કવર પર રહેલા દિશાનિર્દેશોનો છે.*

નિબંધ તમને તમે ફકરાને કેટલા અસરકારક રીતે વાંચી અને સમજી શકો છો અને ફકરાનું વિશ્લેષણ કરીને નિબંધ કેવી રીતે લખી શકો છો તે બતાવવાની એક તક આપે છે. તમારા નિબંધમાં, તમારે રજૂ કરવું જોઈએ કે તમે ફકરાને ધ્યાનપૂર્વક વાંચ્યો છે, સ્પષ્ટ અને તાર્કિક વિશ્લેષણ રજૂ કર્યું છે અને સચોટ ભાષાનો ઉપયોગ કર્યો છે.

**તમારી પાસે ફકરો વાંચવા માટે અને આ બુકલેટની અંદર પ્રદાન કરેલ સંકેતોના જવાબમાં એક નિબંધ લખવા માટે <u>50 મિનિટનો</u> સમય છે.**

# 2 કસોટી પછી

*તમામ વિદ્યાર્થીઓને, સુપરવાઇઝર કહેશે:*

- 🔊 અભિનંદન—તમે હમણાં જ કસોટી સમાપ્ત કરી! હું તમારી ટેસ્ટ સામગ્રી એકત્રિત કરું, ત્યાં સુધી કૃપા કરીને તમારા જવાબ પત્રક ફેરવો અને તપાસો કે તમે બૉક્સ 44 માં ફોર્મ કોડમાં ભર્યું છે. આ ફોર્મ કોડ તમારી ટેસ્ટના સ્કોરિંગ માટે આવશ્યક છે. કૃપા કરીને તમારો હાથ ઉંચો કરો જો તમને બૉક્સને પૂર્ણ કરવામાં મદદની જરૂર હોય.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- 🔊 હવે હું તમારી ટેસ્ટ સામગ્રીઓને એકત્રિત કરીશ. હું તમને બરતરફ ન કરું ત્યાં સુધી કૃપા કરીને શાંતિથી બેસો.

## 2.1 જવાબ પત્રકને પૂર્ણ કરવા દરમિયાન

*જો તમે તમારા જવાબ પત્રક પરની વ્યક્તિગત માહિતી પૂર્ણ કરી લીધી હોય, તો તમારા સુપરવાઇઝર તમારું જવાબ પત્રક એકત્રિત કરશે અને "વિદ્યાર્થીની બરતરફી પહેલાં" પર જશે.*

*જો તમે તમારા જવાબ પત્રક પરની વ્યક્તિગત માહિતી પૂર્ણ ન કરી હોય, તો તમારા સુપરવાઇઝર તમને અન્ય વિદ્યાર્થીઓ બહાર નીકળી જાય ત્યાં સુધી શાંતિથી બેસવા માટે કહી શકે છે.*

*જ્યારે તમે તૈયાર હોવ ત્યારે તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔊 SAT સ્કૂલ ડે ના એક ભાગ રૂપે, તમારી પાસે હવે તમારા પોતાના વિશે અને તમારા કૉલેજ પ્લાન વિશે કેટલાક પ્રશ્નોના જવાબ આપવાની અને તમારા સ્કોર્સને મોકલવા માટે 4 સ્થાનો અથવા પ્રોગ્રામને પસંદ કરવાની તક હશે.

*બૉક્સ 11 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔊 બૉક્સ 11 તમને યુ.એસ. મોબાઇલ નંબર માટે પૂછે છે. ફક્ત યુ.એસ. મોબાઇલ નંબર જ સ્વીકાર્ય છે. તમારો નંબર પ્રદાન કરીને, તમે College Board તરફથી SAT વિશેના ટેક્સ્ટ સંદેશા પ્રાપ્ત કરવા, સંશોધન સર્વેક્ષણમાં સહભાગી થવા અને કૉલેજ પ્લાનિંગ સેવાઓ વિશે મફત માહિતી મેળવવા સંમત થાઓ છો. માનક ટેક્સ્ટ સંદેશા દર લાગુ થાય છે. તમે કોઈપણ સમયે નાપસંદ કરી શકો છો. College Board તમારો ફોન નંબર અન્ય સંસ્થાઓ સાથે શેર કરશે નહીં.

  જો તમે આ નિયમોથી સંમત હોવ, તો તમારો ફોન નંબર દાખલ કરો. જ્યારે તમે સમાપ્ત કરી લો ત્યારે કૃપા કરીને અહીં જુઓ.

*બૉક્સ 13 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔊 પૃષ્ઠ 3 પર ફેરવો. જો તમે, તમારો સ્કોર એકવાર ઑનલાઇન ઉપલબ્ધ થાય તે પછી તેના વિશેની માહિતી સહિત College Board તરફથી ઈમેલ દ્વારા માહિતી મેળવવા માંગતા હોવ, તો તમારું ઈમેલ સરનામું લખો અને બૉક્સ 13 માં સંબંધિત બબલ્સ ભરો. બૉક્સની ઉપર સૂચવો કે આ તમારું પોતાનું ઈમેલ સરનામું છે કે તમારા માતાપિતા અથવા વાલીનું સરનામું છે. જો તમે તમારું પોતાનું ઈમેલ સરનામું આપો છો (માતાપિતા કે વાલીનું નહીં) અને આ સત્રના અંતે વિદ્યાર્થી શોધ સેવા પસંદ કરો છો, તો તમને તમારા ઈમેલ સરનામાં પર કૉલેજીસ તરફથી માહિતી મળી શકે છે. હું તમને થોડી વારમાં વિદ્યાર્થી શોધ સેવા વિશે વધુ જણાવીશ. જ્યારે તમે સમાપ્ત કરી લો ત્યારે કૃપા કરીને અહીં જુઓ.

*બૉક્સ 14 માટે, તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 બૉક્સ 14 માં, તમે હાઇ સ્કૂલથી સ્નાતક થવાનો તમારા અપેક્ષિત મહિના માટે બબલ્સ ભરો. તે પછી, તમારા સ્નાતક વર્ષનાં 2 આંકડા બૉક્સમાં લખો અને સંબંધિત બબલ્સ ભરો.

*તમારા સુપરવાઇઝર તમને તમારા જવાબ પત્રક પરની બાકીની વ્યક્તિગત માહિતીનો જવાબ આપવા માટે* વિદ્યાર્થી જવાબ પત્રકની સૂચનાઓનો *ઉપયોગ કરવાનું કહેશે. જ્યારે દરેક જણ સમાપ્ત કરી લે, ત્યારે તમારા સુપરવાઇઝર તમારા જવાબ પત્રક એકત્રિત કરશે અને "વિદ્યાર્થીની બરતરફી પહેલાં" થી ચાલુ રાખશે.*

## 2.2 વિદ્યાર્થીની બરતરફી પહેલાં

*જ્યારે બધા વિદ્યાર્થીઓની સામગ્રીનો ખુલાસો કરવામાં આવ્યો હોય, ત્યારે તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 યાદ રાખો, તમારે કોઈપણ સંજોગોમાં, ટેસ્ટિંગ રૂમમાંથી કોઈપણ ટેસ્ટ પ્રશ્નો લેવા, કોઈને પણ દેવા અથવા ઇમેઇલ, ટેક્સ્ટ સંદેશા અથવા ઇન્ટરનેટ સહિત કોઈપણ માધ્યમથી કોઈની પણ સાથે તેમની ચર્ચા કરવી જોઈએ નહીં.

*જો તમે નિબંધ સાથે SAT ના રૂમમાં હોવ, તો તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

- 🔈 ઉપરાંત, તમને નિબંધ ઑનલાઇન ઉપલબ્ધ ન થઈ જાય ત્યાં સુધી આજના નિબંધનાં પ્રશ્નને કોઈ સાથે શેર કરવાની અથવા ચર્ચા કરવાની પરવાનગી નથી.

*જો તમારી શાળા વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત માલસામાનને એકત્રિત કરે છે, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ ટેસ્ટનું વ્યવસ્થાપન હવે પૂર્ણ થઈ ગયું છે. જેવા જ તમે છોડવા માટે તૈયાર થાઓ, કૃપા કરીને અહીં આવો અને તમારા વ્યક્તિગત માલસામાનને પુનર્પ્રાપ્ત કરો જે મેં તમારી પાસેથી અગાઉ લીધો હતો. એકવાર તમે તમારો બધો માલસામાન લઈ લો તે પછી તમે શાંતિપૂર્વક રૂમથી બહાર જઈ શકો છો. કૃપા કરીને ધ્યાનમાં રાખો કે અન્ય રૂમમાં વિદ્યાર્થીઓ હજી પણ ટેસ્ટ આપી રહ્યાં છે. ફરી અભિનંદન અને તમારી સહભાગિતા અને તમારા તમામ સખત પરિશ્રમ બદલ આભાર.

અથવા

*જો તમારી શાળા વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત માલસામાનને એકત્રિત કરતી નથી, તો તમારા સુપરવાઇઝર કહેશે:*

- 🔈 આ ટેસ્ટનું વ્યવસ્થાપન હવે પૂર્ણ થઈ ગયું છે. તમારો માલસામાન એકત્રિત કરો અને શાંતિપૂર્વક રૂમથી બહાર જાઓ. કૃપા કરીને ધ્યાનમાં રાખો કે અન્ય રૂમમાં વિદ્યાર્થીઓ હજી પણ ટેસ્ટ આપી રહ્યાં છે. ફરી અભિનંદન અને તમારી સહભાગિતા અને તમારા તમામ સખત પરિશ્રમ બદલ આભાર.